સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સત્યનું જીવનમાં વિશુદ્ધ વ્યાકરણ જરૂરી છે,
સેવા, સાદગીને ત્યાગનું પાથરણ જરૂરી છે.
કારણ છે મહાત્મા - પ્રસિદ્ધિનું જીવાત્માઓ માટે -
બાપુને અંજલિ માટે, એવું આચરણ જરૂરી છે...

હાઈકુ

વાંચ્યું તો ઘણું !!
ઝીણાં માં ઝીલું - હવે -
અમલ કરો !!
(વિપુલ ગાંધી સાહિત્ય)

સત્ય - પાલક
પૂજાય છે વિશ્વમાં -
યુગોના યુગો...
(બાપુની અમર કહાની)

ચિંતન

વાસનાવૃદ્ધિતઃ કાર્ય કાર્યવૃદ્ધયા ચ વાસના ।
વર્ધતે સર્વથા પુંસઃ સંસારો ન નિવર્તતે ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંએથી લેવામાં આવેલ છે.

વાસનાવૃદ્ધિથી કર્મવૃદ્ધિ થાય છે, ને કર્મવૃદ્ધિથી વળી વાસના વૃદ્ધિ થાય છે, ને એ રીતે એકબીજામાં ઓતપ્રોત આમ સંસારનું ચક્ર ચાલ્યા જ કરે છે, એનો અંત જ નથી.

સંસાર તરફ જાગવાની જરૂર છે, તેનાથી ભાગવાની નહીં, ભગવાં પહેરીને ભાગી જઈએ તો પણ મનમાં જો ઈચ્છાઓ રહી જાશે, તો કંઈક નવી જાતનો પણ સંસાર ઊભો થયો જ સમજો, માટે જ સંસાર તરફ જો જાગે તો જ વૈરાગ્ય પ્રૌઢ બને, અને તૃષ્ણા ખરી પડતાં, સુખજ છે, એ સમજાશે !

તેથી જ સંસારમાં રહીને જ, તે તરફ અનાસક્તવૃત્તિ કેળવી, માત્ર સાક્ષીભાવે, સ્થિતપ્રજ્ઞ રહીને જીવન જીવી જવામાં જ ખરું સુખ છે, આનંદ છે, શાંતિ છે, એ અનાસક્તિ જ પ્રૌઢ વૈરાગ્ય બની રહે છે, પછી કોઈ ઈચ્છા કે વાસના રહેતી નથી.

ઈચ્છા કે તૃષ્ણા સારી હોય કે ખરાબ, શુભ કે અશુભ, એ બંધન જ છે, તૃષ્ણા નથી ત્યાં જ તૃપ્તિ છે.

સુવિચાર

- પરમ વિનય એટલે સંપૂર્ણ સમર્પણ - **દાદા ભગવાન**
- જીવને વિનાશી ચીજોમાં શ્રદ્ધા છે, વિનાશી ચીજોનો જ એને ભોગવટો છે ને પરમેશ્વરને અવિનાશી ચીજમાં શ્રદ્ધઆ છે, અવિનાશી નો જ ભોગવતો છે - **આસસૂત્ર**
- જીવનની માવજત એ જ ઉત્તમ ઉપાસના છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ વૃદ્ધ થઈ જાય છે, પણ લોભ કદી વૃદ્ધ થતો નથી - **ડો. પ્રવીણ દરજી**
- દેવ ન થવાયે, તોય પશુ ના થતા, દેવ ન થવાયે, તોય માનવી થજો - **કવિ ન્હાનાલાલ**
- લજ્જા હોય ત્યાં મર્યાદા હોય, મર્યાદા હોય ત્યાં સદાચાર શિષ્ટતા તેમ જ નીતિ હોય, નીતિ હોય ત્યાં ધર્મની પ્રાપ્તિ હોય - **ક્રાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : સંચળ પાઉડર છાશમાં મેળવી પીવાથી એપેંડિક્સમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મોટરની એક ફેકટરીમાં મોરિસ નામનો કુશળ કારીગર હતો. સૌ મીકેનિકો કરતાં એ સૌથી કુશળ મીકેનિક ગણાતો હતો. એક વાર તે કામ પર મોડો પહોંચ્યો. એ જ દિવસે કંપનીના માલિક કારખાનાની મુલાકાતે આવ્યા હતા. એણે હાજરીપત્રકમાં બધાં કારીગરોનો આગમનનો સમય જોયો. એ જ સમયે મોરીસ આવ્યો. ફેકટરીના માલિકે તેને ઠપકો આપ્યો. તેઓને પણ મોરીસની કાબેલિયતની ખબર હતી. પણ એમને થયું કે પોતે માલિક છે અને જો ઠપકો ન આપે તો એ કેમ ચાલે? મોરીસે નમ્રતાથી મોડું થવાના કારણ આપતા કહ્યું, 'મારા માતાની તબિયત સારી ન હોવાથી અનિવાર્ય સંજોગોમાં આજે આવવામાં મોડું થયું છે. માફી માંગુ છુ.' પણ આવવું હોય તો ફેકટરીના માલિક રૂઆબમાં હતા એમણે કહ્યું, 'જો આ રીતે મોડા જ આવવું હોય તો ફેકટરીના સામાન્ય મીકેનિકો નહીં પણ ફેકટરીના માલિક બનો.' માલિકનું આ મહેણું મોરીસને હાડોહાડ લાગી ગયું. એણે રાજીનામું આપી દીધું. સાથી મીકેનીકોએ આવું જ કરવા સલાહ આપી. પણ મોરીસ અડગ રહ્યો. એણે બીજે દિવસથી જ પોતાની ફેકટરી બનાવવાના પ્રયત્નો શરુ કર્યા. સમય જતાં મોરીસે પોતાની કાર ઉત્પાદન કરતી ફેકટરી શરૂ કરી. માલિકે મારેલા મહેણાને પુરુષાર્થના પડકારરુપે સ્વીકારીને એણે પોતાની કુશળતા લગાડીને એણે મોરીસ મોટર કંપની સ્થાપી.

એક જીવતીજાગતી દંતકથાનો વિલય

તંત્રીસ્થાનેથી...

કયારેક ડૉકટરને ઈશ્વર પછીનું બીજું સ્થાન આપવામાં આવતું હતું. દરદી માટે તો એ જ એનો તારણહાર બની રહેતો. તબીબી વ્યવસાય જવો ઉદાત્ત વ્યવસાય દીવો લઈને શોધવા નીકળીએ તોય ન મળે... પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન આ વ્યવસાયનું પૂર્ણરૂપેણ વ્યપાયારીકરણ થઈ જવા પામ્યું છે. કરુણા અને માનવતા સાથે આજીવિકા રળનારા ડૉકટરો આંગળીને વેઢે ગણાય એટલા પણ મળે કે કેમ તે પ્રશ્ન છે. કરોડો રૂપિયાનો ખર્ચ કરી માતાપિતા એમના સંતાનોને મેડિકલ લાઈનમાં ધકેલે છે. પછી એવા ડૉકટરો ડિગ્રીને જારો દરદીઓનાં ખીસાં ખંખેરવા માટે જાત જાતના નુસખા અજમાવે છે અને અઢળક કમાણી કરી લે છે. આવા વિષમકાળમાં હમણાં જ આપણી વચ્ચેથી વિદાય થયેલા ડૉ. એચ.એલ. ત્રિવેદી જેવા અપવાદરુપ ડૉકટર પણ એમનાં માની લીધેલા મિશન પાછળ વિદેશની લખલૂટ કમાણી ત્યજી વતનમાં વસી જઈ વિશ્વકક્ષાની કિડની ઈન્સ્ટિટયુટ સ્થાપે, એના વિકાસ પાછળ રાતદિવસ એક કરી છેક નોબેલ હરોળમાં સંશોધનો કરે અને માત્ર કિડની ટ્રાન્સપ્લાન્ટોશન જ નહીં - લિવરના ટ્રાન્સપ્લાન્ટેશન અને કેડેવર ટ્રાન્સપ્લાન્ટેશનનો વિક્રમજનક આંકડો સર કરે ત્યારે એમ જ લાગે કે હજી ઈશ્વરને માનવીની સારપમાં જે ભરોસો હતો તે અકબંધ છે. કેનેડામાં પ્રેક્ટિસ છોડી ડૉ. એચ.એલ. ત્રિવેદી ભરયુવાન વયે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં નેફ્રોલોજિસ્ટ તરીકે જોડાયા અને તે પછી એમની સંકલ્પકન્યા જેવી કિડની હોસ્પિટલને જન્મ આપી ફક્ત ગુજરાતના જ નહીં બલકે દેશભરના અને દુનિયા આખીના લાડકા નેફ્રોલોજિસ્ટ બની રહ્યા. દેશની સૌથી મોટી કિડની હોસ્પિટલમાં એમના અવસાન સુધીમાં છ હજાર આસપાસ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન થઈ ચૂક્યાં છે. 'અમદાવાદ પ્રોટોકોલ' નામે જાણીતી એમેની આગવી સ્ટેમ સેલ થેરેપીની શોધ માટે એમનું નામ નોબેલ પારિતોષિક માટે નોમિનેટ થયું હતું. શ્વેત વસ્ત્રોમાં હરતા ફરતા હરફનમૌલા ઓલિયા ડૉકટર માટે પુરસ્કાર કે માન અકરામ કરતાં મિશન જ વધુ મહત્ત્વની બાબત બની રહી. કિડની હોસ્પિટલ દેશના ગરીબ દરદીઓ માટે તો આશીર્વાદ બલકે હાજરાહજૂર ભગવાન ધન્વંતરિનું વરદાન જ બની રહી હતી. કરોડોની ખોટ સરખી કરવા સંસ્થાના ટ્રસ્ટી અને વરિષ્ઠ ગુજરાતી સર્જક કવિવર માધવ રામાનુજને સંત શિરોમણિ મોરારિ બાપુની રામકથાનું આયોજન કરાવેલું, તે દિવંગત કિડની સ્પેશિયાલિસ્ટ તબીબ માટે જીવતો જગતિયા જેવી અલૌકિક ઘટના હતી. ડૉ. ત્રિવેદીને એમની વિશિષ્ટ સેવાકીય પ્રવૃત્તિ માટે ભારત સરકારે પદ્મશ્રી પુરસ્કારથી પણ નવાજ્યા હતા. ખરું જોતાં તેઓ સાચા 'ભારત રત્ન' હતા. ઓસામા બિન લાદેન જેવા ખૂંખાર ત્રાદવાસી માટે પણ મફત તબીબી સેવા આપતા તેઓ આપવા તેઓ સંમત થઈ ગયેલા, પણ એક શરતે : એ ક્રૂર આતંકવાદી અમદાવાદની કિડની હોસ્પિટલમાં ઓપરેશન કરાવવા આવે અને એની ભારતવિરોધી પ્રવૃત્તિ છોડી દે. કરોડોની ઑફર હોવા છતાં તેઓ અમદાવાદ બહાર જઈ એનું ઓપરેશન કરવા તૈયાર નહોતા. આવા રાષ્ટ્રભક્ત અને વતનપરત દેવદૂતની કાયમી વિદાય વખતે મૈથિલીશરણ ગુપ્તની આ પંક્તિઓ જ યાદ આવે : મરા નહીં વહીં કિ કો જીયા ન આપ કે લિએ....

માતૃભાષામાં માતૃસ્તવન

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ભગવતી દુર્ગાએ દેવોને મહિષાસુર સામેના સંગ્રામમાં વિજય અપાવ્યો. દેવીએ અસુરનો વધ કર્યો. આથઈ ઈન્દ્ર વગેરે દેવો - શક આદિ -એ સ્તુતિ કરી. આ સ્તુતિ શકાદયઃ સ્તુતિ તરીકે પ્રસિદ્ધ થઈ.

માર્કંડેય પુરાણમાં અધ્યાય ૭૮ થી ૯૦ આ તેર અધ્યાય 'દુર્ગાશપ્તશી' છે - દુર્ગાના સાતસો શ્લોકો આનો ચોથો અધ્યાય શકાદયઃ સ્તુતિ છે. આમાં ૪૨ શ્લોક છે.

નવરાત્રિમાં આ સ્તુતિના પાઠનો વિશેષ મહિમા છે. લોકો ભક્તિભાવથી પાઠ કરે છે. પરંતુ મહદંશે આનો અર્થ સમજીને પાઠ થતો નથી. આ સ્થિતિમાં, આ સ્તુતિનો સમશ્લોકી પદ્ય અનુવાદ ઉપલબ્ધ છે. આમાંથી કેટલાંક ઉદાહરણ પ્રસ્તુત છે.

(૧) પૂર્ણેન્દુ બિમ્બ સમ સુંદર હાસ્યવાળું,
સોહામણું કનકકાન્તિ મુખેન્દુ ચારુઃ
તેને નિહાળી મહિષાસુર શું પ્રહારે ?
આશ્ચર્ય વાત બહુ વાર ઉરે ભ્રરાયે.
(શ્લોક ૧૨)

(૨) સન્માન્ય તે જ, ધનધાન શ્રીમાન તેછે,
તે કીર્તિમાન, નવ ત્યાજય સ્વબન્ધુ વર્ગે,
સ્ત્રી પુત્ર દાસ સહ છે જગ ધન્ય તે તે.
જેના પરે, સુભગદાત્રી ! પ્રસન્ન તું છે.
(શ્લોક ૧૫)

(૩) છે શીલ દેવિ ! દુર્વૃત્ત શમાવનારું.
ને રૂપ દેવિ ! અવિચિન્ત્ય, અતુલ્ય ચારુ.
છે વિક્રમ અસુર નાશ કરાવનારું.
વૈરી પ્રતિ પણ ધરે તું દયા દયાળું
(શ્લોક ૨૧)

(દુર્ગાસપ્તશતી - શી શાંતિશંકર વેણીશંકર મહેતા, ભાવનગર, ૧૯૬૭)

(૨) કેવું વિરાટ રૂપ સૂર્ય અનંત રશ્મિ !
કેવું અજોડ સૂર દાનવનાશકારી !
દેવે અસુર સહુએથી રખ્યાં અજોડ.
શેં વર્ણવાય અમથી સહુએ ચરિત્ર ?
(શ્લોક ૫)

કલ્યાણી ! જેની પર આપ પ્રસન્ન થાઓ,
સંસારમાં પ્રિય બનો, ધનકીર્તિ પામો.
રહેજો ન કોઈ અધુરા પુરુષાર્થ તેના
પ્રેમાળનાર, સુત, સેવક, ધન્ય એવા
(શ્લોક ૧૪)

તારી સ્મૃતિ ભવતણા ભયને નિવારે,
શ્રદ્ધાભર્યા સ્મરણથી સદ્બુદ્ધિ આપે.
દારિદ્ર દુઃખ ભયનાશક નામ તારું.
સર્વોપકાર કરતી કરુણામયી તુ.
(શ્લોક ૧૬)

(શુકાદિસ્તુતિ તથા શિવમહિમ્ન સ્તોત્ર) મહેન્દ્ર અ દવે, ગાંધીનગર ૧૯૯૨)

(૩) મેધા તમે જ, સહુશાસ્ત્ર સમાવનારી...
દુર્ગા તમે જ, ભવસાગ તાર નારી.

શ્રી છો તમે જ, શિવને યશ આપનારી.
(રશ્મિકાન્ત મહેતા, ગાંધીનગર)

આ રીતે ધાર્મિક પર્વો સમયે પાઠ માટે ઉપયોગમાં લેવાતી સ્તુતિઓનાં સમશ્લોકી પદ્યાનુવાદ કોઈકવાર ઉપલબ્ધ હોય છે; તેને ઉપયોગમાં લઈ શકાય છે, એનાથી અર્થ પ્રતીતિનો સંતોષ પણ મળે છે.

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા... એટલે સૌએ સ્વચ્છતા જાળવવી જ જોઈએ...

હળવે હૈયે
પ્રકાશ લાલા

અમારા કંપાઉન્ડનો ઝાંપો વટાવી, અમારો ઓટલો ચઢી, ગણેશ સ્થાપનાની જેમ, હિંસકે સ્વયંનું સ્થાપન કર્યું ત્યારે લાલાકાકા ભજન લલકારતા હતા. 'વૈષ્ણવજન તો એને રે કહીએ... જે પીડ પરાઈ જાણે રે...'

'કેમ અંકલ, આજે નરસિંહ મહેતાને યાદ કર્યા?' અમે પૂછ્યું.

'એ તો પનુભાઈ, ગાંધી બાપુને યાદ કરીએ એટલે એમનું આ પ્રિય ભજન ઓટોમેટિક યાદ આપવાનું જ !'

'હં'

'ને ભાઈ, બીજી ઓકટોબર આવે પછી તો ચારેકોર ગાંધી બાપુ ... ગાંધી બાપુ ચાલવાનું જ...' વળી, હમણાં તો દેશભરમાં પૂ. ગાંધી બાપુની દોઢસોમી જયંતિની ઊજવણીનો જોરદાર માહોલ હોય પછી તો બીજી ઑકટોબરની ઊજવણીમાં પૂછવાનું જ ના હોય ને...'

રેડઅંકલ ઊજવણીની ફેવર કરે છે કે કાપે છે એ ખબર ના પડી એટલે અમે કહ્યું : 'તે અંકલ, એમાં ખોટું શું છે, હેં ? ગાંધી બાપુ આપણા રાષ્ટ્રપિતા છે, એમને અહિંસાના અમોઘ શસ્ત્ર વડે ભારત દેશને ગુલામીની ઝંઝીરોમાંથી મુક્ત કર્યો છે એટલે એમની જન્મજયંતિની ઊજવણી કરવી જ જોઈએ !'

'એની કયાં ના છે, પનુભાઈ પણ આપણી મુશ્કેલી એ છે કે અહીં સૌ ગાંધીબાપુનું પ્રિય ભજન ગાવામાં, એમની પ્રતિમા ફોટાને ફૂલહાર કરવામાં, બીજી ઓકટોબરે એમનાં વિશે સારું સારું બોલવામાં શુરા પૂરા છીએ પણ રાષ્ટ્રપિતાએ કહ્યા પ્રમાણે જીવન જીવવામાં, એમના ગુણોનું આચરણ કરવામાં જરાય ઉત્સાહી નથી હોતા...' અંકલે ઊભરો ઠાલવ્યો.

'અંકલ, સાવ એવું નથી, હોં... લોકોને વાંધો પડે છે ત્યારે ભૂખ હડતાલ, આંદોલન ગાંધી ચિંધ્યા માર્ગે જ કરતા હોય છે ને !!'

'પનુભાઈ, એટલા પૂરતાં ગાંધીજીના બતાવેલા રાહ પર આપણી ગતિ હોય છે ખરી !! પણ બાકી તો આ બીજી ઓકટોબરે બાપુને સ્મરણાંજલિ અપાઈ તે પછી ઢૂકડી આવે બીજા વર્ષની બીજી ઓકટોબર...' અંકલે એમની રેકર્ડ વગાડવાનું ચાલુ રાખ્યું...

અમે રેડ અંકલને સળી કરી : 'તે અંકલ, તમેય 'વૈષ્ણવ જન તો એને રે કહીએ... જે પીડ પરાઈ જાણે રે..' ભજન જ લલકારો છો એ ગાંધીજીના કોઈ ગુણો જીવનમાં ઉતાર્યા છે ખરા ?'

ને એ સાંભળી લાલાકાકા લાલપીળા થઈ ઊઠયા : 'એટલે પનુભાઈ, તમારું એમ કહેવું છે કે હુંય ખાલી વાતો જ કરું છું ? ભાઈ, મેં મારા જીવનમાં પૂ. બાપુએ સમજાવેલા સત્ય, અહિંસા, સેવા-સાદગી, સ્વાવલંબન જેવા ગુણો અપનાવ્યા છે જ.... અને એ મુજબ આચરણ કરું છું એના ભૂલશો.'

અંકલને ઉકળેલા જોઈ, એમને શાંત પાડવા કહ્યું : 'ખરેખર ?'

'તો શું ? જુઓ, મારું જીવન સેવામય છે... સેવાનો ગુણ મેં અપનાવ્યો છે...'

'કાકીની સેવા ને ?' અમે હળવેથી કોમેન્ટ કરી...

'હા... તમારી અંકલીની સેવા એ સેવા જ છે ને ! એ તો કરું જ છું.... પણ બીજાંનાં કામો કરી આપવા હું કદી ના પાડતો નથી...'

અંકલે એમની સેવાવૃત્તિ ને સેવા પ્રવૃત્તિનું પ્રમાણ આપ્યું.

હવે લાલાકાકાને કેમ કહેવું કે ઉત્સાહી સ્વભાવના કારણે તમે મોટા ઉપાડે બીજાનું કામ કરવા દોડો છો પણ દરેક કામમાં એવા છબરડા વાળી આવો છો અને ડખા કરી મૂકો છો કે પેલો બિચારો એ સરખું કરવા ધંધે લાગી જાય છે... એને તો માથું કૂટવા વારો આવતો હોય છે...

અમને ચૂપ જોઈ લાલાકાકાએ આગળ ચલાવ્યું : 'હું સંપૂર્ણ અહિંસામાં માનું છું. પૂ. રાષ્ટ્રપિતાએ બતાવેલ અહિંસા મને બહુ ગમે છે...'

'એ તો ઝઘઢાની બીક ને કોક વળગાડી દેશે એ ડરથી તમે અહિંસા અહિંસા કરો છો, કાકા મારા... આમાં તો તમારે 'મજબૂરી કા નામ મહાત્મા ગાંધી' છે !! અમારાથી બોલાઈ ગયું. - અલબત્ત રેડઅંકલના કર્ણપટલ સુધી ના પહોંચે સેવા સ્વરમાં જ...

'આપણે તો પનુભાઈ બાપુએ કહ્યું છે તેમ કોઈ એક ગાલે થપ્પડ મારે તો બીજો ગાલ ધરવામાં માનીએ છીએ... ખોટી લડાઈ મારામારી કરવામાં ને વાત આગળ વધારવામાં જરાય માનતા નથી, હા...'

'સરસ, અંકલ... તમારી સાદગીના ગુણ અમે બધા જાણીએ છીએ.... ઝભ્ભો ને બે ધોતિયુ એવા સાદો પહેરવેશ છે તમારો...'

'યસ... ' અંકલ અમારી વાતથી પોરસાઈને બોલ્યા : 'આપણે તો બે ધોતી - બે ઝભ્ભા જ આખું વરસ ચલાવવાના... ગમે તે પ્રસંલમાં જવાનું હોય, આ જ આપણો રાષ્ટ્રીય પોશાક... ધોયેલો સરસ હોય... ઈસ્ત્રી નહીં કરાવવાની... સાદગી, યુ સી...'

'હા... ઈસ્ત્રી કયાં મફતમાં થાય છે એટલે કંજુસ કાકા ઈસ્ત્રી વગરના ઝભ્ભા જ ઠઠાવતા હોય છે ને બીજાં કપડાં ખરીદવાનાય રૂપિયા ખરચવા જીવ કોનો લાવવો ?' અમે બબડ્યા...

'હું સ્વાવલંબી પણ છું જ... મારા કપડાં જાતે ધોઈ નાખું છું ને મારા વાણસ હું જ સાફ કરી દઉં છું... બોલો આને સ્વાવલંબી ના કહેવાય ?' લાલાકાકાએ એમનો વધુ ગુણ ગણાવ્યો.

'ઓ તો અંકલ, તમે સવારના પોરમાં નહાવા-ધોવાનું પતાવ્યા વિના પારકાં ઘર ગણવાને પંચાલ કરવા જતા રહો છો એટલે કાકીએ જ કંટાળીને કહી દીધું છે કે હવે તમારે જયારે ન્હાવં હોય ત્યારે નહાજો ને તમારા કપડાં જાતે જ ધોઈ નાખવાનાં... તમારાં થાળી-વાટકાની સફાઈ બાબતમાં ય કાકીએ આવું અલ્ટીમેટમ આપ્યું છે એટલે તમારે 'સ્વાવલંબી' બન્યા વગર છૂટકો નથી!!'

આ મુદ્દો અમે અંકલને સંભળાય એમ બેધડક કહ્યો.

રેડ અંકલ ઝરા ઝંળવાયા...

'ખબર છે... તમે નિયમ કર્યો છે કે સવારની ચા અમારા ઘરે આવી, અમારી જ પીવાની ને છાપું ય પારકું જ વાંચવાનું... એ નિયમ કેવો સજ્જડ - જડબેસલાક પાળો છો...'

'હેં ?' અંકલ અમારા સ્ટેટમેન્ટથી ચમક્યા : 'એવી વાત નથી, યાર... એ તો મારો તમારો માટેનો પ્રેમ સોરી... સોરી... તમારો મારા માટેનો પ્રેમ મને રોજ સવાર પડતાં ખેંચી લાવે છે... પણ તમને ના ગમતું હોય તો...' કાકાએ થોડા રિસાઈ જતાં કહ્યું... અમેને ય કાકા રિસાઈ જાય એ ના જ ગમે એટલે જેવી મૂછો ચાવતા રહ્યા. પછી પાછા અસલ મૂડમાં આવી જઈને બોલ્યા : 'એ તમે જે કહો તે પણ હું સ્વાવલંબી છું એની ના નહીં...'

'રાઈટ, અંકલ... એમ તો તમે ગાંધીજી જેવા દેઢ નિશ્ચયી પણ ખરા જ.'

'હેં... ને...' અમારા કહેવાનો ખર્ચ પકડાય વિના જ, અમે એમને ગાંધીજી જેવા દેઢ નિશ્ચયી કહ્યા તેની અંકલ ખુશ થઈ ગયા ને કહે : 'આપણું તો એવું જ... એક વાર નક્કી કર્યું પછી કોઈ પણ ભોગે એમ જ કરવાનું એ નિર્ણયમાંથી પાછા નહીં ફરવાનું !!'

અમે બોલી ઊઠ્યા : 'અરે અંકલ, આ તો જરા ગમ્મત...' એમાં ખોટું નહીં લગાડવાનું... ગાંધી બાપુએ જ કહ્યું છે ને કે કોઈ કંઈ કહે તો એનું માઠું નહીં લગાડવાનું...'

'હેં ? આવું બાપુએ કયાં કહ્યું છે ? કયારે કહ્યું છે...'

'બાપુએ ના કહ્યું હોય તો તમારે કહેવાનું ને એનો પ્રસાર કરવાનો...' કહેતા અમે વાત બીજા પાટે ચઢાવી : 'અંકલ, પૂ. બાપુને સ્વચ્છતા પ્રિય હતી.. એ વિશે તમારું શું કહેવું છે?

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા... એટલે સૌએ સ્વચ્છતા જાળવવી જ જોઈએ... અંકલ પાછા ઓરિજિનલ મૂડમાં આવી જતાં બોલ્યા.'

'બધાં આ સૂત્રો બોલે છે - જોરશોરથી બોલે છે પણ પછી ઘરની સફાઈ કરીને કચરો રોડ ઉપર કે બાજુવાળાના ઘર આગળ નાખી દઈ 'સ્વચ્છતા અભિયાન' પૂરું થયાનો સંતોષ લે છે એનું શું કરવાનું ?' અમારે નહોતું બોલવું તોય બોલાઈ ગયું... ને તીર બરાબર નિશાના પર વાગ્યું હતું... અંકલના પડોશી ફરિયાદ કરતા હતા કે લાલાકાકા ઘર-ઘર આગળ ચોખ્ખું ચણાક રાખે છે પણ કચરો છૂટ્ટો રોડ પર ફેંકે છે...

અનુસંધાન પાના નં ૭ પર

કિડની હોસ્પિટલના આર્ધસ્થાપક પદ્મશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદીની ચિરવિદાય

પ્રસંગસર
સતીપ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

(તા. રજી ઓક્ટોબરના રોજ ડો.ત્રિવેદીનું અવસાન થયેલ છે.)

નેફ્રોલોજી અને ટ્રાન્સપ્લાન્ટેશન ક્ષેત્રે જેનું નામ કાયમ અમર રહેશે અને અમદાવાદમાં દુનિયાની સૌથી મોટી કિડની હોસ્પિટલ શરૂ કરનારા પદ્મશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદીનું રજી ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે નિધન થયું છે. તેઓને કેટલાક સમયથી પાર્કિન્સન તેમજ છેલ્લા બે મહિના શ્વાસોશ્વાસમાં તકલીફ થતાં વેન્ટિલેટર પર રખાયા હતા. ૪૦ વર્ષની આરોગ્યલક્ષી સેવાઓ સાથોસાથ તેમના માર્ગદર્શન હેઠળ છ હજારથી વધુ કિડની ટ્રાન્સપ્લાન્ટના ઓપરેશન હાથ ધરવામાં આવ્યાં હતાં.



હળવદ પાસેના ચરાડવા ગામે ૩૧મી ઑગસ્ટ, ૧૯૩૨ના રોજ શિક્ષક પિતા લક્ષ્મીશંકર ત્રિવેદીના પુત્ર હરગોવિંદે શાળાનું શિક્ષણ વાંકાનેરના લુણસર અને મોરબી ગામે લીધેલ. દાક્તરીના ઉચ્ચ અભ્યાસ તેમણે ૧૯૫૩માં બી.જે.મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી એમ.બી.બી.એસ.ની ડીગ્રી મેળવી અને ત્યાં જ અધ્યાપકની સેવા આપવા લાગ્યા. ૧૯૬૧માં તેમના લગ્ન શારદાબેન સાથે થયાં. આગળ અભ્યાસ માટે અમેરિકા યુનિવર્સિટીએ એમને પ્રવેશ આપ્યો હતો પણ એ યુનિવર્સિટી સામે જ એમણે શરત મૂકી હતી કે જો તેમને અમેરિકા આવવાનું ભાડું આપવામાં આવે તો જ તેઓ અમેરિકા જશે, ત્યારે આવા ઉજ્જવળ કારકિર્દી ધરાવતા આ યુવાનને યુનિવર્સિટીએ એરફેર પણ આપ્યું. અમેરિકાથી કેનેડા ગયા. નેફ્રોલૉજીનું ક્ષેત્ર પસંદ કર્યું, પ્રેકટીસ શરૂ કરી. ડાયાલિસીસ મશીનની શોધના એ સાક્ષી છે. પરંતુ ભારતમાતાના સપૂતને ત્યાંની ધીકતી કમાણી, વૈભવ, જાહોજલાલી કરતાં વતનના લોકોની સેવા કરવાની વધારે લગન હતી અને કેનેડા છોડી ભારત પરત ફર્યા.

દર્દીઓની સેવાનો ભેખ ધારણ કરી આવેલા ડૉ.ત્રિવેદીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે કિડનીના દર્દીઓ માટે અત્યાધુનિક સેવા આપતી સ્પેશીયલ હોસ્પિટલ સ્થાપવાનું સપનું સેવ્યું. સરકારી પત્રવ્યવહાર, મંજૂરીઓ અને ઘણા અંતરાયોના અંતે ૧૯૮૧ના ઓક્ટોબરની ૭મી તારીખ અને નવરાત્રીના નવમા દિવસે ડો. એચ.એલ. ત્રિવેદીએ કિડનીના રોગોને લગતી ૫૦ પથારીઓ અને અન્ય સુવિધાઓ ધરાવતી કિડની હોસ્પિટલનો સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં પ્રારંભ કર્યો. અને હોસ્પિટલના ડાયરેક્ટર તરીકે પણ.

ડો. ત્રિવેદીના બાળપણના સહાધ્યાયી અને ઉધોગપતિ રસિકલાલ દોશી અને મફતલાલ મહેતાએ આ હોસ્પિટલ માટે શરૂઆતમાં રૂપિયા એક કરોડનું દાન કર્યું.

અત્યારે પંદરસો ચો.મી.માં પથરાયેલી આ હોસ્પિટલમાં ૪૦૦ પથારીઓ આવેલ છે. સંસ્થામાં નેફ્રોલોજી, યુરોલોજી, ટ્રાન્સપ્લાનટેશન, હિમેટોલોજી, ઓટોઈમ્યુન અને જેનેરિક ડિસઓર્ડર ક્ષેત્રે સેવા, શિક્ષણ અને સંશોધનનું કામ થાય થાય છે. ડૉ.ત્રિવેદી દ્વારા અને તેમના માર્ગદર્શન હેઠળ આશરે છ હજાર જેટલા કિડની ટ્રાન્સપ્લાન્ટેશન, લિવર ટ્રાન્સપ્લાન્ટેશન, રોબોટિક કિડની ટ્રાન્સપ્લાન્ટેશનના ઓપરેશન થયેલ છે અને હજારો દર્દીઓને સાજા કરેલ છે. દર્દીઓ સાથે એ એવા ઓતપ્રોત થઈ જતા કે તેમને ઘરે જવાનું પણ યાદ ન રહેતું. ઘર કરતાં હૉસ્પિટલમાં વધારે સમય આપ્યો. એમનો જન્મદિવસ ૩૧ ઑગસ્ટેને 'કિડની દર્દી કલ્યાણ ઉત્સવ' નામથી દર વર્ષે ઉજવવામાં આવે છે.

ટ્રાન્સપ્લાનટેશન, કિડની ડિસીઝ, નેફ્રોલોજી ક્ષેત્રે સેવા આપતી સંસ્થાઓ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવેલ. ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાનટેશન સાયન્સને તેમના નામ સાથે સાંકળી લઈ ડૉ. એચ. એલ. ત્રિવેદી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાનટેશન સાયન્સ નામકરણ કરવામાં આવેલ છે. 'ટ્રાન્સપ્લાનટેશન ઈન્ડીયા' જર્નલ અને આઈ.કે.ડી.આર.સી બુલેટીનની અમદાવાદથી તેમણે શરૂઆત કરેલ.

તેમની અપ્રતિમ સેવાઓ બદલ ભારત સરકાર દ્વારા એપ્રિલ ૨૦૧૫માં 'પદ્મશ્રી' સન્માનવામાં આવેલ.

દર્દીની સેવામાં ભગવાનની સેવા માનતા તેમણે કહ્યું હતું કે **'When I am gone, if anybody wants to remember me, I wish to be remembered as the Physician who cared fro his patients and a patriot who cared fro his country.'**

તેમની આત્મકથા **"Tryst with Destiny"** નો ગુજરાતીમાં અનુવાદ કિડની હોસ્પિટલના જ ડો. અરૂણા વણીકરે 'પુરુષાર્થ પોતાનોઃ પ્રસાદ પ્રભુનો' શિર્ષકથી કર્યો છે.

ડૉ. એચ. એલ. ત્રિવેદીનું યોગદાન મેડીકલ સેવાઓ પૂરતું સિમિત ન રહેતાં એનાથી વધુ તેમણે પોતાની જાતને માતૃભૂમીની સેવા અને માનવસેવા માટે અર્પણ કરી દિધેલ.